## બાયડ તાલુકાના ડેમાઈ ગામે નજીવી બાબતે બે કોમના જુથ વચ્ચે અથડામણ

બાયડ, તા. ૨૧

બાયડ તાલુકા ના ડેમાઈ ગામે આજે સવારે ૯ વાગ્યા ના સુમારે નજીવી બાબતમાં ક્ષત્રીયો અને મુસ્લીમો વચ્ચે નજીવી બાબત માં તકરાર થતાં આ તકરારે થોડીજ વાર માં રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ આ

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર ડેમાઈ ગામે રહેતા ફકરૂદીન યાકુબભાઈ મોગલ વર્ષો થી રીક્ષા ના સ્પેર પાર્ટ ની દુકાન ચલાવે છે જયારે આજે તેમની દુકાને અનીલભાઈ આવતા તેમણે અનીલભાઈ ને કહયુ કે મારુ ડીસમીસ કયાં છે તે જણાવ તો સામે અનીલભાઈ પરમારે ગાળો બોલી પોતાના સગાવ્હાલા ને બોલાવી દુકાનમા તોફડોડ કરી લુટ ચલાવી ફકરૂદીન ને માથાના ભાગે ઈજાઓ પહોચાડી હતી જયારે આ સમગ્ર ઘટનાને લઈને ડમાઈ ગામમાં ભારેલા અગ્ની જેવી પરીસ્થીતીઉભીથતાં પી.એસ.આઈ સી.કે.બાબરીયાએ સમય સુચકતા વાપરી પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો

જયારે આ સમગ્ર પ્રકરણ માં હાલ તો બન્ને પક્ષે સાસામે ફરીગાદ નોધાતા વાતાવરણ તંગ બનવા પામ્યુ છે આ અંગે બાયડ પોલીસે બન્ને પક્ષ ની ફરીયાદ સાંભાળી ગુનો નોધી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી

## દહેગામ નગરપાલિકામાં આજે મળેલ સામાન્ય સભામાં સર્વાનુમતે કામોને બહાલી અપાઈ

### સામાન્ય સભામાં વિવિધ સમિતિઓની રચના કરાઈ

દહેગામ, તા. ૨૧

દહેગામ નગરપાલિકાની સામાન્ય સભા આજરોજ મમતાબહેન અમીનના અધ્યક્ષ સ્થાનેથી યોજાઈ હતી. તેમાં વિવિધ કામોની સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

દહેગામ નગરપાલિકા સભાખંડમાં શાસક પક્ષે ૧૭ સભ્યો અને વિરોધ પક્ષે ૧૦ સભ્યો હાજર રહ્યા હતા. બેઠકની શરૂઆતમાં દહેગામ નગરપાલિકામાં ફરજ બજાવતાં પ્યુન અને વોર્ડ નં. ૧ ના સદસ્યના સંબંધી સ્વર્ગસ્થ થયેલ હોવાથી બે મિનિટનું મૌન પાડેલ. ત્યાર બાદ સર્વાનુમતે પ્રાથમિક સુવિધાના કામોની બહાલી આપવામાં આવી હતી અને ત્યારબાદ ચેરમેનોની વરણી કરવામાં આવી હતી. જેમાં કારોબારી સમિતિમાં ચેતન બારોટ, શિક્ષણ સમિતિમાં અલકાબેન જોષી, સ્ટ્રીટલાઈટ સમિતિમાં મનિષભાઈ પટેલ, વોટર વર્કસ સમિતિમાં નિરૂબેન પંચાલ, બાંધકામ સમિતિમાં અરવિંદસિંહ સોલંકી, ટેક્ષ સમિતિમાં સલીમભાઈ મેમળ, ભુગર્ભ ગટર સમિતિમાં હિતેન્દ્રકુમાર મકવાણા, ધર્મશાળા સમિતિમાં દિપીકાબહેન મહેતા, ગુમાસ્તા ધારા સમિતિમાં પ્રફુલ્લભાઈ શાહ, આરોગ્ય સમિતિમાં કંકુબહેન ચૌહાણ, સ્મશાન ગૃહ સમિતિમાં નિખિલભાઈ રબારી, એસ્ટ્રાબ્લીશમેન્ટ સમિતિમાં મમતાબેન અમીન, શોપીંગ સેન્ટર સમિતિમાં શંકરસિંહ રાઠોડ, સામાજીક ન્યાય સમિતિમાં નવનિતભાઈ ડોડીયાનો સમાવેશ કરવામાં આવ્યો છે.



(તસવીર : નિખિલ પંડ્યા, દહેગામ)

## હિંમતનગર-પ્રાંતિજમાં ડૉક્ટરો આરોગ્યસેવાના નામે ગરીબ દર્દીઓના ખીસ્સા પર કાતર ફેરવી રહ્યા છે

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને પ્રાંતિજમાં કેટલાક તબીબો દર્દીઓની સેવા કરતા ફી ને વધારે મહત્વ આપી દર્દીઓ પાસેથી તગડી ફી વસુલ કરે છે. અત્ય આધુનિક દવાખાના અને બે કંપાઉન્ડરની જગ્યાએ પાંચ-પાંચ કંપાઉન્ડર રાખી બધો ભાર એ દર્દીઓના બીલ પર નાખી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર અને પ્રાંતિજ જેવા કેટલાક તાલુકામાં હવે અમદાવાદ, મુંબઈ, ચેન્નઈ અને વિદેશી અત્ય આધુનિક સાધનો સાથે ડૉક્ટરી સેવાઓની કમી નથી રહી પરંતુ તેની સામે મધ્યમ અને ગરીબ વર્ગના લોકો મુશ્કેલીમાં મુકાયા છે. તેમજ જરૂરિ આરોગ્ય સેવાઓ લઈ શકતા નથી. હિંમતનગરમાં પહેલા લોકો આરોગ્ય સેવાઓ લેવા માટે રાજસ્થાન, સહિત આસપાસના અનેક જિલ્લામાંથી આવતા હતા અને ડૉક્ટરો દ્વારા દર્દીઓને ૧ માસની દવાઓ આપવામાં આવતી હતી. બાદમાં ૧૫ દિવસ, ૭ દિવસ અને હવે ૩ દિવસની દવાઓ આપવામાં આવે છે. જેમાં દર્દી કરતા ડૉક્ટરોને આ નવા નુશકાથી ફાયદો થયો છે. દર્દીઓએ આ નવા નુશકાથી ફરજીયાત દવાખાને આવવું પડે છે. જેથી ડૉક્ટરોની કમાણી વધારે થાય છે. અને દર્દીઓ પાસેથી સેવાઓના નામે વધુ પડતા પૈસા વસુલી કરી રહ્યા છે. બીજી તરફ લેબોરેટરી અને દવાની દુકાનવાળાની સાથે સાંઠ-ગાંઠ કરી તગડુ કમિશન પણ મેળવી રહ્યા છે. ડૉક્ટરો દ્વારા તોતીંગ દવાખાના અને હાઈફાઈ ખર્ચ પૂરા કરવા દર્દીઓના ખીસ્સા પર કાતર ફેરવી રહ્યા છે ત્યારે આવા ડૉક્ટરો સામે જિલ્લા આરોગ્ય તંત્ર કડક પગલા ભરે તેવી માંગ સ્થાનિકો કરી રહ્યા છે.

## ખેડબ્રહ્મા-લક્ષ્મીપુરાથી આંતરસુબા સુધીના રોડનું કામ ક્યારે પુરૂ થશે

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્માને જોડતો લક્ષ્મીપુરા ચાર રસ્તાથી ગલોડિયા લક્ષ્મીપુરા, કલોલ નાકા પરોસવાડા થઈ આંતરસુબા સુધીનો ડામર રોડનું કામ લગભગ એક વર્ષ પહેલા ચાલુ કરવામાં આવ્યું હતું. તે આજ દિન સુધી પુરૂ ના થતા સ્થાનિકો અને વાહનચાલકો ખુબજ પરેશાની ભોગવી રહ્યા છે. એટલા માટે તંત્ર સમક્ષ સ્થાનિકો દ્વારા રોડનું કામ વહેલામાં વહેલી તકે પૂર્ણ થાય તેમ ઈચ્છી રહ્યા છે.

ખેડબ્રહ્માને જોડતો પૂર્વ પટ્ટાનો માર્ગ એટલે લક્ષ્મીપુરા ચાર રસ્તાથી ગલોડિયા લક્ષ્મીપુરા, કલોલ નાકા, પરોસવાડા થઈ આંતરસુબા સુધીનો ડામર રોડ પહોળો કરવાનું કાર્ય લગભગ એક વર્ષથી શરૂ કરવામાં આવ્યું છે. જે આજ દિન સુધીમાં ૫૦ ટકા કામ પણ પૂર્ણ થયું નથી. આખી સડક એક સાઈડ ખોદી પત્થરો, ક્રોકિટ અને સુકી રેતી નાખી જેના ઉપર થઈ અત્યારે દિવસનાં સેંકડો વાહનો આવજા કરે છે. અને જ્યારે બેફામ ધૂળની ડમરીઓ ઉડે છે. ત્યારે મુસાફરોને નાકે દમ આવી જાય છે. સ્વાઈન ફ્લુનો વાવર ચાલતો હોય ત્યારે ધૂળીયા રસ્તાના કારણે લોકોને ખાંસી જેવી બિમારીને આમંત્રણ આપે છે. ખેડબ્રહ્માથી શરૂ થતા ચાર રસ્તા ઉપર વાહનોનો જમેલો અને ઉબડ-ખાબડ રસ્તાથી આ વિસ્તારના લોકો એટલા ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે કે આના કરતાં રોડ ન હોત તો સારૂ. રોડ ક્યાં બને છે અને ક્યાં ખાડા છે એ કશી જ ખબર પડતી નથી. સ્વામિનારાયણ મંદિર પાસે અપાયેલ ડાઈવર્ઝનથી લક્ષ્મીપુરા બાજુ જવાના પચાસ ગામના લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. ડાઈવર્ઝન અપાયું છે તે પંચશીલ વિસ્તારનો રોડ પણ તુટવા લાગ્યો છે. આ વિસ્તારમાં વેપારી ભાઈઓ ખેડૂતો, લોકો આ ગોકળગાયની ગતિથી ચાલતું કામ ક્યારે પૂર્ણ થશે તેની રાહ જોઈ રહ્યા છે. નજીકના ભવિષ્યમાં આ કામ પૂર્ણ ન થાય તો અહિંસક આંદોલનનું રણશિંગુ ફૂંકવા વિચારી રહ્યા છે.

## એક વાહનનું બે જગ્યાએ રજીસ્ટ્રેશન કરાવનાર બે વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસમાં ફરિયાદ

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરમાં આવેલ હરસોલીયા મોટર્સ દ્વારા એક જ વાહન હિંમતનગર અને મહેસાણા બે આરટીઓ કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવ્યું હોવાનું ખુલ્યા બાદ વાહન માલિક અને આરટીઓ કચેરી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરીને કરેલા ગુનાહિત કાર્ય સામે હિંમતનગર આરટીઓ કચેરીના ઈન્ચાર્જ આરટીઓ તારકકુમાર શંકરલાલ ઉપાધ્યાયએ ઈસમો વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે નોંધાવેલ ફરિયાદ મુજબ હિંમતનગરમાં આવેલી હરસોલીયા મોટર્સના ભાગીદાર મહમદરફીક મહમદઉસ્માન હરસોલીયાએ તા. ૧ માર્ચ-૨૦૦૮ થી ૧૩ માર્ચ-૨૦૦૮ દરમિયાન તેમના ત્યાંથી તા. ૪ ફેબ્રુઆરી-૨૦૦૮ ના રોજ રૂપિયા ૩૦૦૨૭૫ ના ઈનવોઈસ બીલથી ઈન્ડીકા કારને મહમદનુર વલીમહમદ હરસોલીયાના નામે હિંમતનગર આરટીઓ ખાતે જીજે-૯-એમ-૮૭૬૧ નંબરથી રજીસ્ટ્રેશન કરાવી હતી ત્યાર બાદ આજ વાહનને વધુ કિંમત મેળવવા માટે પૂર્વઆયોજિત કાવતરૂ ઘડી ખોટી હકીકત દર્શાવતા ખોટા સેલ લેટર સાથે વધુ રકમનું ઈનવોઈસ અને બીલ બનાવી તે આધારે અગાઉ હિંમતનગર આરટીઓ રજીસ્ટ્રેન વાહનને ફરીથી એટલે કે બીજીવાર મહેસાણા આરટીઓમાં જીજે-૨-એસી-૬૧૪૪ નંબરથી રામજીબાઈ વિઠ્ઠલભાઈ પટેલના નામે રજીસ્ટ્રેશન કરાવી બે નંબરની આર.સી. બુક બનાવી વાહન માલિક અને આરટીઓ સાથે પોતે ખોટુ ખર્યું છે તેમ જણાતા હોવાથી વાહનનું પ્રથમ હિંમતનગર આરટીઓ કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવતી વખતે ભરેલ ટેક્ષમાંથી રીફંડ મેળવવા સાથે વાહનનું રજીસ્ટ્રેશન કેન્શલ કરવા માટે ૧૮ માર્ચ ૨૦૦૮ના રોજ મહમદનુર વાલીમહમદ હરસોલીયાએ અરજી કરીને તા. ૧૯મી માર્ચ૨૦૦૮ના રોજ ટેક્ષ રીફંડ પરત લઈને હિંમતનગર આરટીઓ કચેરી અને રામજીભાઈ પટેલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કર્યાનું બહાર આવ્યું હતું. બુધવારે રાત્રીના ૧૧ કલાકે હિંમતનગર ગ્રામ્ય પોલીસમાં ઈન્ચાર્જ આરટીઓ તારકકુમાર ઉપાધ્યાયે ફરિયાદ નોંધાવતા હરસોલીયા મોટર્સના ભાગીદાર મહમદરફીક મહમદ ઉષ્માન હરસોલીયા અને મહમદનુર વલીમહમદ હરસોલીયા વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સંતશ્રી મેકણદાદા અખાડા ધ્રંગ દ્વારા શ્રીમદ્ ભાગવત્ સપ્તાહનો પ્રારંભ

ધ્રંગ, તા.૨૧

સંતશ્રી મેકણદાદા અખાડા ધ્રંગ દ્વારા ભૂજ તાલુકાના ધ્રંગ ગામે સંતશ્રી મેકણદાદા સમાધિ સ્થળે તા. ૧૭મી માર્ચથી ૨૪મી માર્ચ દરમિયાન રમેશભાઈ ઓઝાની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞનું આયોજન થયું છે.

મેકણદાદા ગૌશાળા અને પાંજરાપોળ સ્ટર્સના શ્રેયાર્થે યોજાઈ રહેલા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં જાણીતા કથાકાર પૂજ્ય મોટાભાઈ-રમેશભાઈ ઓઝા પોતાની મધુર વાણીમાં નંદ મહોત્સવ, રૂક્ષ્મણી વિવાહ વગેરે પ્રસંગોનો લ્હાવો શ્રાવકોને આપી રહ્યા છે.

## બાયડ શહેર ભાજપ પ્રમુખની વરણી કરાઈ

બાયડ, તા. ૨૧

આજ રોજ બાયડ સર્કીટ હાઉસ ખાતે ભારતીય જનતા પાર્ટી ની બેઠક યોજાઈ હતી આ બેઠક માં ઉપસ્થીત સૌ કાર્યકરો વચ્ચે મેન્ડેટ ખોલતા તેમાં બાયડ ના રહીશ ઘનશયામ ભાઈ ગોબરભાઈ પટેલ (દાદા) નુ નામ નીકળતા તેમની બાયડ શહેર ભાજપ પ્રમુખ તરીકે વરણી તેમના ટેકેદારો અને કાર્યકરો એ ઉત્સાહ પુર્વક વધાવી લીધી હતી

## પાલનપુરમાં પોલીસજવાને દારૂ ઢીંચી બે ને જીપની અડફેટે લીધા





પાલનપુર, તા. ૨૧

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરમાં આવેલ કોલેજ માર્ગ પરથી ડીસા તરફ જવાના મુખ્ય માર્ગ ઉપર ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં બેફામ અને પુરઝડપે પોલીસજીપ હંકારી બે બાઈક સવારો અને એક રીક્ષાને અડફેટે લીધી હતી. જેથી ગંભીર અકસ્માત સર્જાતા ઈજાઓ થવા પામી હતી. દારૂ પીધેલ હાલમતાં અકસ્માત સર્જનાર પોલીસ જવાન પર ટોળાએ ટપલીદાવ કરતા અન્ય પોલીસ કર્મીએ તેણે સ્થળ પરથી લઈ ગયો હતો. બાદમાં પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠા જિલ્લાના સૂઈ ગામ પોલીસમથકમાં પોલીસ કર્મી તરીકે ફરજ બજાવતા રમેશદાન ગઢવી ગતરોજ ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં પાલનપુરના કોલેજ રોડથી ડીસા તરફ પુરપાટ ઝડપે સરકારી જીપ હંકારી રહ્યા હતા અને દરમિયાન માર્ગ પર પસાર થતા અન્ય બે વાહનનો રીક્ષા અને બે બાઈકને પોતાના કબજાની જીપથી ટક્કર મારી હતી જેથી બે બાઈક અને એક રીક્ષા માર્ગ પરથી સાઈડમાં ફેંકાઈ ગયા હતા. પરિણામે ત્રણેય વાહનના ચાલકોને ઈજાઓ થવા પામી હતી. અકસ્માત સર્જનાર અને ચિક્કાર દારૂ પીધેલ પોલીસ કર્મીને ટોળાએ સ્થળ પર જ જોરદાર મેથીપાક ચખાડ્યો હતો. બાદમાં અન્ય એક પોલીસે આ દૃશ્ય જોતા ચાલી રહેલી તડાફડી વચ્ચે પોલીસ જવાન ગઢવીને રીક્ષામાં બેસાડી ઘટના સ્થળેથી દૂર લઈ જવાયો હતો. શહેર પોલીસે આ સમગ્ર મામલે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

(તસવીર : હરેશ જોશી, પાલનપુર)

## દહેગામમાં અખાદ્ય ચીજવસ્તુઓનું ધૂમ વેચાણ છતાં તંત્ર મૌન

દહેગામ, તા. ૨૧

ગરમીનો પારો દિવસે ને દિવસે વધતો જાય છે. તેવા સંજોગોમાં લોકોએ પોતાની તરસ છિપાવવા માટે બજારમાં ઠંડા પીણાના સ્ટોલ લાગી ગયા છે. આ સ્ટોલોમાં યોગ્ય ગુણવત્તાસભર ઠંડા પીણા મળે તેમાં કોઈ જ પ્રકારની ભેળસેળ ના થાય તે માટે તંત્ર સમક્ષ પ્રજાની માંગ ઉઠી છે.

દહેગામ ખાતે દિનપ્રતિદિન ખાદ્ય પદાર્થોની હાટડીઓનો ફુગાવો થઈ રહ્યો છે. વિવિધ પ્રકારના ઠંડા પીણા તેમજ ખાણી-પીણીની લારીઓ વિગેરે કોઈ પણ નિયમોને ઘોળીને પી જાય છે. અને આ ખાદ્ય પદાર્થો ખવડાવી તગડો નફો કમાવવામાં પડ્યા છે. જ્યારે સ્થાનિક તંત્ર દ્વારા હપ્તા લેવામાં આવતા હોવાનું જણાઈ રહ્યું છે.

વર્તમાન સમયે ગરમીની ફૂલ સીઝન ચાલી રહી છે. કાળઝાળ ગરમીનો પારો દિવસે ને દિવસે વધતો જાય છે. ગરમીથી ત્રસ્ત જીવસૃષ્ટીને બચાવવા માટે વિવિધ ઉપાયો કરવામાં આવે છે. જેની સામે વધુ ગરમી અને અખાદ્ય અને દુષિત ઠંડા પીણા પ્રજા માટે હાનિકારક સાબિત થાય છે. હલકી ગુણવત્તા અને અખાદ્ય પદાર્થ ખવડાવી પ્રજાના હેલ્થ સામે ચેડા કરવાવાળા સામે કાનૂની પગલાં ત્વરીત લેવાય તેવી માંગ ઉઠવા પામી છે. ગરમીમાં વિવિધ રોગોએ માથુ ઉંચક્યું છે. તેવા સંજોગોમાં દહેગામ ખાતે તંત્રની લાપરવાહીના કારણે નામચીન નાસ્તા હાઉસની દુકાનોવાળા તેમજ આઈસ ફેકટરીઓવાળાઓની જગ્યાએ નગરપાલિકાના મામલતદારના, કલેક્ટરના તેમજ આરોગ્ય તંત્રના ફુડ એન્ડ ડ્રગ્સ, ફાયર સેફ્ટી વગેરેના લાયસન્સો ધરાવતા ન હોવાના કારણે વાસી અને ગુણવત્તા વિહિન અખાદ્ય મિલાવટવાળી ચટણીમાં એસેસન્સ હોવાથી પ્રજાના આરોગ્ય સામે ખતરો ઉભો થવા પામ્યો છે. જ્યારે સ્થાનિક તંત્ર તેમજ જિલ્લા આરોગ્યની ટીમ અને જવાબદાર તંત્ર હપ્તા લઈ ભ્રષ્ટ કામ કરી પ્રજાજનોના વિરૂદ્ધમાં કામ કરી રહ્યા છે.

## હિંમતનગરમાં ૧૦૮ સેવાનો તાલીમ વર્ગ યોજાયો

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં નવા સરકીટ હાઉસ ખાતે તાજેતરમાં ૧૦૮ સેવાને સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષથી ખૂબજ લોકપ્રિય બનેલી સેવાનો વધુ વ્યાપ થાય અને વધુ સફળ બનાવવા માટે તંત્ર દ્વારા જિલ્લાના સરપંચોને માહિતગાર કરવાનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સાબરકાંઠા જિલ્લામાં ચાલતી ૨૦ જેટલી એમ્બ્યુલન્સના પાયલોટ અને ઈ.એમ.આર. દ્વારા રોજના ૧૦૦ થી વધુ કોલ લેવામાં આવતા હોવાનું જાણવા મળ્યું હતું. ૧૦૮ ઈમરજન્સી સેવા વિભાગ દ્વારા સેવાનો વધુ પ્રચાર કરવા માટે સાબરકાંઠા જિલ્લાના ૫૦ થી વધુ સરપંચોને ૧૦૮ની કામગીરીથી માહિતગાર કરવામાં આવ્યા હતા. જેમાં વિભાગના સંદિપભાઈ ગઢવી, હરેશભાઈ ભટ્ટ સહિતના અધિકારીઓએ જણાવ્યું હતું કે જિલ્લામાં આવેલ ૩૦ ટકા વિસ્તારમાં હજુ પણ ૧૦૮ સેવાનો ખાસ ઉપયોગ થતો ન હોવાનું અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે કે આ વિસ્તારના લોકો માંદગી, પ્રસુતિ કે અકસ્માતના સમયે ખાનગી વાહનોનો ઉપયોગ કરી લેતા હોય છે. પરંતુ ૧૦૮ની સેવા ખૂબજ ઉપયોગી અને વિશ્વસનીય હોવાનું જણાવ્યું હતું.

## ઊંઝા-ઉનાવા ખાતેથી પસાર થતી એસ.ટી.ની બસો બારોબાર નિકળી જતા સ્થાનિક મુસાફરો પરેશાન

ઊંઝા, તા. ૨૧

ઊંઝા નજીકના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા ખાતેથી પસાર થતી એસ.ટી. નિગમની કેટલીયે બસો ગામના બસસ્ટેન્ડ પર ન આવતાં બાયપાસ રોડ પરથી બારોબાર નીકળી જતાં સ્થાનિક અને બહારના મુસાફરો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

ઊંઝા તાલુકામાં સૌથી વધુ વસ્તી દરાવતા ઉનાવા ગામે મીરાંદાતારની સુપ્રસિદ્ધ દરગાહ આવેલ છે. આ દરગાહમાં દેશના વિવિધ ભાગોમાંથી રોજીંદા અસંખ્ય યાત્રિકોની અવરજવર થતી હોય છે. આ ઉપરાંત સ્થાનિક મુસાફરો, નોકરીયાતો, ધંધાર્થીઓ, વિદ્યાર્થીઓ, મજૂરીયાતવર્ગના માણસોની પણ રોજીંદા એસ.ટી. બસોમાં મુસાફરી થાય છે.

ઉનાવા ખાતેથી પસાર થતી એસ.ટી. નિગમની તમામ બસોને ગામના બસ સ્ટેન્ડથી મુસાફરો લેવા તેમજ ઉતારવા માટે એસ.ટી.ની મધ્યસ્થ કચેરી દ્વારા એપ્રિલ-૨૦૦૭માં આદેશ થયેલ છે. તેમ છતાં આ આદેશની ધરાર અવગણના થઈ રહી છે. નિગમના પાલનપુર વિભાગની થરાદ-રબારીકોલોની, થરાદ-બાપુનગર રાત્રિ રોકાણવાળી, થરાદ-ગાંધીનગર, ડીસા-અમદાવાદ ડે આઉટ, જૂનાગઢ વિભાગની જૂનાગઢ-પાલનપુર, સુરત વિભાગની ઉકાઈ-સુંધામાતા, ભાવનગર વિભાગની ભાવનગર-સુંધામાતા, ભાવનગર-સિરોહી, ભાવનગર-પાલિતાણા-અંબાજી, હિંમતનગર વિભાગની પ્રાંતિજ-ઝાલોર, તલોદ-ઝાલોર, અમદાવાદ-ડીસા, અમદાવાદ વિભાગની અમદાવાદ-રાણકપુર, અમદાવાદ-જોધપુર, અમદાવાદ-ધાનેરા, નડીયાદ વિભાગની આણંદ-ડીસા, વડોદરા વિભાગની વડોદરા-સુંધામાતા વિગેરે બસો બાયપાસ હાઈવેથી બારોબાર નીકળી જાય છે. પરિણામે સ્થાનિક અને બહારના મુસાફરો તેમજ વિદ્યાર્થીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે.

અત્રે ખાસ કરીને પાલનપુર, અમદાવાદ, ભાવનગર, હિંમતનગર એસ.ટી. વિભાગ દ્વારા સંચાલિત ઉનાવાથી પસાર થતી એક્સપ્રેસ બસો ગામના બસસ્ટેન્ડે આવતી નથી અને બાયપાસ હાઈવે પર મુસાફરોને ઉતારીને બારોબાર નીકળી જતી હોય છે. જેથી બસોમાં મુસાફરી કરતા મુસાફરોને વેળાકવેળાએ હાઈવે પર ઉતરીને પગપાળા ગામમાં આવવું પડે છે. આવી સ્થિતિના લીધે મુસાફરો અને ડ્રાયવર કંડકટરો વચ્ચે તકરાર અને ઘર્ષણના બનાવો બને છે. આ અંગે ફરિયાદો થવા છતાં પરિણામ સૂન્ય રહ્યું છે. આ બાબતે ગ્રામજનો દ્વારા આંદોલન યા સત્યાગ્રહનો માર્ગ અપનાવાય તે પૂર્વે એસ.ટી. અધિકારીઓએ તાકિદે બારોબાર જતી બસો ગામમાંથી પસાર થાય તે માટે જરૂરી પગલાં ભરવાં જોઈએ તેવું મુસાફરો ઈચ્છે છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો રૂમ બંધ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧